
ઇશ્વર માત્ર કાશી-કાબામાં જ નથી એ દરેક વર અને કલેવરમાં છે
- ગાંધીજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૨૮ — ૧૭ જુલાઇ ૨૦૧૨, મંગળવાર, અષાઢ વદ - ૧૩ — પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦



# ફ્રેન્કફર્ટ ગાંધીનગરનું સિસ્ટર સીટી બનવા આતુર

### એ. કે. શર્માના નેતૃત્વમાં ગયેલા પ્રતિનિધિ મંડળ સમક્ષ થયેલ રજૂઆત : ૨૦૧૩ના વાયબ્રન્ટ સમીટમાં આ અંગે સમજૂતી કરાર થવાના સંકેતો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર-અમદાવાદના ટ્વીનસીટી પ્રોજેક્ટ માટે જર્મનીના ફ્રેન્કફર્ટસીટી એ સીસ્ટર સીટી બની અને તેને આગળ ધપાવવાની તૈયારી દર્શાવી છે.

તાજેતરમાં વાયબ્રન્ટ સમીટ-૨૦૧૩ના આયોજનના ભાગરૂપે યુરોપના પ્રવાસે ગયેલા ગુજરાતના પ્રતિનિધિ મંડળને આ અંગેના નિર્દેશો મળ્યા છે.

સરકારના ઉચ્ચ અધિકારી અને જી.આઈ.ડી.બી.ના ચીફ એક્ઝીક્યુટીવ શ્રી એ.કે. શર્માના નેતૃત્વમાં જર્મની, ફ્રાન્સ અને સ્વીત્ઝર્લેન્ડના પ્રવાસે ગયેલા પ્રતિનિધિમંડળ સમક્ષ આ અંગેના નિર્દેશો વ્યક્ત કરવામાં આવ્યા હતા.

આ પ્રતિનિધિ મંડળની જર્મનીના પ્રવાસ દરમ્યાન ફ્રેન્કફર્ટના ડે. મેયર શ્રી વોલ્કર હોફની મુલાકાત વખતે આ નિર્દેશો અપાતાં પ્રતિનિધિમંડળે આ બાબતે ઝડપથી જરૂરી કાર્યવાહી કરી અને આગામી વાયબ્રન્ટ સમીટ-૨૦૧૩માં વિધિવત્ સમજૂતી કરારનો તખ્તો ગોઠવી દેવાશે તેવી ખાત્રી આપી હતી.

આ મુલાકાત દરમ્યાન શ્રી વોલ્કર હોફે જણાવ્યું હતું કે તેમના શહેર જેવુ શહેર હોય તેવા શહેરના વિકાસ માટે સમજૂતી કરાર કરવા તેઓ આતુર છે. તેમણે જણાવ્યું કે આ બાબતે આંતરમાળખાકીય સુવિધાઓ નાણાંકીય સેવાઓ અને અન્ય સેવાઓને એકબીજા સાથએ જોડી અને આગળ વધી શકાય.

તેમણે એવો પણ સંકેત આપ્યો હતો કે સીટી ટુ સીટીને જોડવા માટેના પ્રોજેક્ટ ઘણા સારા છે. શ્રી વોલ્કર હોફે એવો પણ સંકેત આપ્યો હતો કે તેમનું શહેર સીસ્ટર સીટી તરીકે જોડાવા આતુર છે.

ગાંધીનગર શહેરની રચનાને સાડાચાર દાયકાનો ગાળો થયો છે અને ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે ૨૦૧૩માં બીજી વાયબ્રન્ટ સમીટ યોજાવાની છે ત્યારે ગાંધીનગરના સીસ્ટર સીટી તરીકે ફ્રેન્કફ્રન્ટ જોડાશે તે પ્રથમ અને ઐતહાસિક ઘટના બની રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

## ચૂંટણીના સમયે તૈયાર થયેલા ગુજરાત લેન્ડ રેવન્યૂ કોડ અંગે દ્વિધાભરી સ્થિતિ

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતના મહેસૂલી કાયદામાં પરિવર્તન કરવાનું પ્લેટફોર્મ તૈયાર કરી દેવામાં આવ્યું છે પરંતુ આગામી વિધાનસભાની ચૂંટણી પહેલાં તેને લાગુ કરવાનું ટાળવામાં આવી રહ્યું છે. જો આ કાયદો બદલાય તો ૧૩૩ વર્ષ પછી નવો કાયદો લાગુ પડી શકે છે, જેમાં કેટલાક સુધારા પણ સૂચવવામાં આવ્યા છે.

બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ ને રદ કરી ગુજરાત લેન્ડ રેવન્યુ કોડ દાખલ કરવા માટેનો ડ્રાફ્ટ તૈયાર કરી દેવામાં આવ્યો છે. કાયદા બદલવાની આ પ્રક્રિયામાં લગભગ ત્રણ વર્ષનો સમય વિતી ગયો છે. ચૂંટણીને આડે માત્ર પાંચ મહિના રહ્યાં છે તેથી સરકાર નવા કાયદાને લાગુ કરવાની ઉતાવળ કરે તેમ નથી.

કાયદામાં આ ફેરફાર રાજકીય રીતે ફાયદાકારક નિવડી શકે છે પરંતુ જો ઊંધુ પડે તો મોટું નુકસાન પણ થઈ શકે છે. મહેસૂલ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે જીએલઆરસીનો નવો ડ્રાફ્ટ તૈયાર કરી કાયદા તેમજ વૈધાનિક વિભાગમાં મોકલી આપવામાં આવ્યો છે. રાજ્ય સરકાર ૧૯મીએ વિધાનસભાના સત્રમાં આ કાયદો લાવી પણ શકે છે, જો કે કેબિનેટનું ક્લિયરન્સ બાકી છે.

જો સરકાર ઈચ્છે તો નવા કાયદા અંગે વટહુકમ બહાર પાડી શકે છે પરંતુ રાજ્યપાલની મંજૂરી મળે કે કેમ તે અંગે શંકા છે. બીએલઆરસી રાજ્યના મહેસૂલી વહીવટનો સૌથી જૂનો અને પ્રાથમિક કાયદો છે. ૧૮૭૯માં બોમ્બે સ્ટેટ વખતે આ કાયદો બન્યો હતો.૧૯૬૦માં મુંબઈથી અલગ થયા પછી ગુજરાતે આ કાયદાને અક્ષરસઃ સ્વિકારી લીધો છે જેમાં પરિવર્તન થયું નથી.

ગુજરાત વિધાનસભાએ અત્યાર સુધીમાં ૧૫૦થી પણ વધારે કાયદામાં પરિવર્તન કર્યા છે, પણ આ કાયદાને ટચ કર્યો નથી. કાયદામાં બોમ્બેની જગ્યાએ ગુજરાત આવી જશે અને કેટલીક અપ્રાસંગિક બનેલી કલમો નિકળી પણ જશે અને હાલની જરૂરિયાત પ્રમાણેની કલમોનો ઉમેરો પણ થશે. સરકારે છેલ્લે છ મહિના પહેલાં કાયદો સુધારવામાં ધ્યાન કેન્દીત કર્યું હતું જેમાં તલાટી થી લઈને જિલ્લા કલેક્ટરો તેમજ નિષ્ણાંતોના અભિપ્રાય મેળવવામાં આવ્યા હતા. હવે તૈયાર ડ્રાફ્ટ મંજૂરી માટે મોકલવામાં આવ્યો છે.

સૂચિત કાયદામાં એનએની પરવાનગીની પ્રથા દૂર કરવાની જોગવાઈ ઉમેરવામાં આવી છે જેને કારણે હોબાળો થઈ શકે છે. એ ઉપરાંત ટેકનોલોજી આધારિત લેન્ડ રેકર્ડ્સ મેઈનન્ટેન્સ ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો છે.



ચૉમાસું આવી ચૂક્યું છે અને વરસાદ સિવાયની એની સઘળી નિશાનીઓ પણ દેખાઈ રહી છે એટલે વરસાદ માટે પણ લોકો આશાવાદી છે. એ જ રીતે ચૉમાસામાં ખેતીનો આરંભ કરવા માગતા ખેડૂતો પણ નજીકના દિવસોમાં જ વરસાદ આવશે એવી આશા લઈને બેઠા છે અને એ માટે ખેડ કરીને ખેતર તૈયાર કરવાની કામગીરીનો આરંભ પણ તેમણે કરી દીધો છે. હવે રાહ છે તો બસ વરસાદની. (તસવીર : દિપક જાની)



ગાંધીનગર મહાનગરપાલિકાને સત્તા સોંપણીનો મુદ્દો હવે કોંગ્રેસે રાજકીય મુદ્દો ગણી અને આંદોલનનો આરંભ કર્યો છે. જેના શ્રીગણેશરૂપે આજે ઘ-૩ પાસે ધરણાં-દેખાવો યોજ્યા બાદ એકાએક જ ઊભા થઈ રેલી કાઢી કલેક્ટર કચેરી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પોલીસે માત્ર આગેવાનોને જ કલેક્ટર કચેરી જવા દીધા હતા અને કાર્યકરોને પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરતાં પૂર્વે જ હાંકી કાઢ્યા હતા. (તસવીર : દિપક જાની)

## હવે ધોળાકુવા પણ પાણીજન્ય રોગચાળાની ઝપટમાં : પાંચ કેસ મળ્યા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાં દેખા દીધેલા પાણીજન્ય રોગચાળાએ હવે શહેરમાં ગ્રામ્ય વિસ્તાર ધોળાકુવા પંથકમાં પણ દેખા દેતાં તંત્ર ચોંકી ઉઠયું છે અને તાબડતોબ આ વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે.

સે-૬ અને ૧૪માં ઝાડા ઉલ્ટીના કેસો પર છેલ્લા બે દિવસથી પરિસ્થિતિ નિયંત્રણમાં આવી છે. ત્યાં આજે ધોળાકુવા પંથકમાં ઝાડા ઉલ્ટીના કેસો મળી આવ્યા છે.

ધોળાકુવા વિસ્તારમાંથી કુલ પાંચ જેટલા કેસો આજે મળી આવ્યા છે. જે પૈકીના ૩ કેસને સિવીલ હોસ્પિટલમાં ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરવામાં આવ્યા છે જયારે બે દર્દીઓને સારવાર આપી જવા દેવામાં આવ્યા છે.

ધોળાકુવા પંથકમાં કેસો નોંધાઈ રહ્યાની જાણ ગાંધીનગર બ્લોક હેલ્થ કચેરીને થતાં જ સે-૬ અને ૧૪માં સર્વેલન્સની કામગીરી કરી રહેલી ટુકડીઓમાંથી બે ટુકડીઓ ધોળાકુવા મોકલવામાં આવી હતી.

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નવા કોઈ કેસ મળી આવ્યા નથી પરંતુ બીજા દિવસે પણ આ વિસ્તારમાં સર્વેલન્સ સઘન બનાવવામાં આવશે આ માટેનું આયોજન થઈ ચુકયું હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જે દર્દીઓ દાખલ કરાયા છે તેમાં બે બાળકો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં પાણીજન્ય રોગચાળો વકરી રહ્યો છે અને નવા નવા વિસ્તારો તેની ઝપટમાં આવી રહ્યા છે. આરોગ્ય તંત્ર એ લોકોમાં જન જાગૃતિનું આગામી દિવસોમાં એક વિશેષ અભિયાન છેડવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળેલ છે અને આ અંગેનું આયોજન પણ હાથ ધર્યું છે.

## ગાંધીનગર મનપા સાથે તંત્ર પૂર્વગ્રહ રાખી રહ્યું છે : કોંગ્રેસ

### ઘ-૩ ખાતે ધરણાં બાદ કલેક્ટરને આપેલા આવેદન પત્રમાં વધતી જતી ગુનાખોરી અંગે ચિંતા વ્યક્ત કરાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગરપાલિકા સાથે સરકાર પૂર્વગ્રહ રાખી રહી હોવાના ગંભીર આક્ષેપ સાથે શહેરમાં વધતી જતી ગુનાખોરી, ફિક્સ પગારના કર્મચારીઓને પુરતુ વેતન ચુકવવા તેમજ આડેધડ શાળાઓ બંધ કરવાના નિર્ણયમાં પુનઃ વિચારણા કરવાની માંગ સાથેનું આવેદન-પત્ર આજે જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપને કોંગ્રેસ પક્ષે આપ્યું છે.

મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, પ્રદેશ મહામંત્રી શ્રી નિશીત વ્યાસ, શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી મુકેશ પટેલ તેમજ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલ, પક્ષના નેતાશ્રી ચીમનભાઈ વિંઝુડાએ આ આવેદન-પત્ર આજે આપ્યું છે.

બપોરે ૨ વાગ્યાથી શરૂ થયેલા કોંગ્રેસ પક્ષના ધરણામાં ઉપસ્થિત કાર્યકરોને શહેરના પૂર્વ પ્રમુખ શ્રી વિક્રમસિંહ ખાચર, શ્રી ચીમનભાઈ વિંઝુડા, શ્રી મહેન્દ્રસિંહ રાણા, શ્રી મુકેશભાઈ પટેલે સંબોધ્યા હતા.

કોર્પોરેશનને વધુ જગ્યા ફાળવવા તેમજ સત્તાઓની સોંપણીના મુદ્દે પૂર્વગ્રહ રાખવામાં આવતો હોવાનો ગંભીર આક્ષેપ આ આવેદન-પત્રમાં કરવામાં આવ્યો છે.

આ આવેદન-પત્રમાં શહેરમાં વધતી જતી ગુનાખોરી અંગે દુઃખની લાગણી વ્યક્ત કરવામાં આવી છે તેમજ રાજ્યમાં વધતા જતા ભ્રષ્ટાચારને નાથવા માટે કડક પગલાં લેવા અને ફિક્સ વેતન વાળા કર્મચારીઓને પુરૂ વેતન આપવાની માંગ પણ આ આવેદન-પત્રમાં કરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાને સત્તાઓની સોંપણીનો મુદ્દો હવે રાજકીય લડાઈનો મુદ્દો બન્યો છે અને આ મુદ્દે કોંગ્રેસ પક્ષે આજે ધરણા યોજ્યા હતા. ૨૦૦ જેટલા કાર્યકરો આ ધરણાના કાર્યક્રમમાં કાઉન્સીલરો સાથે જોડાયા હતા. બરાબર ૩.૫૫ મિનિટે આ ધરણા કરી રહેલા કાર્યકરોએ એકદમ જ ઉભા થઈ અને કલેક્ટર કચેરી તરફ કૂચ કરી હતી. જો કે પોલીસે સમયસર પગલાં લઈ અને માત્ર ગણત્રીના આગેવાનોને જ કલેક્ટર કચેરી સુધી જવા દીધા હતા.

આજના આ ધરણામાં કોંગ્રેસના કાઉન્સીલરો શ્રી હસમુખ મકવાણા, શ્રી હર્ષજીત પંડ્યા, શ્રી ચીમન વિંઝુડા, શ્રી અશોક શ્રીમાળી, શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, શ્રી સુભાષ પાંડોર, શ્રી નામદેવ વરસાત, શ્રીમતિ મીનાબેન વાઘેલા, શ્રીમતિ ભાવનાબા વાઘેલા, શ્રીમતિ પીન્કીબેન પટેલ, શ્રીમતિ હંસાબેન મોદી, સાંસ્કૃતિક સેલના સંગીતાબેન શાહ, પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલા, શ્રી અંકિત બારોટ, શ્રી જયદીપ સાધુ વગેરે જોડાયા હતા.

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

## પાંચ એમપી વિધાનસભામાંથી અને અમિત શાહ સંસદમાં મત આપશે

**(વિશેષ પ્રતિનિધિ)** ગાંધીનગર, તા.૧૬

પાંચ એમપી વિધાનસભામાંથી અને એક ધારાસભ્ય લોકસભામાંથી ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતદાન કરશે. ચૂંટણી પંચે આ છ સભ્યોને પરવાનગી આપી દીધી છે.

૧૯મીએ રાષ્ટ્રપતિની ચૂંટણીનું મતદાન છે. ગુજરાતના સાંસદો પુરુષોત્તમ રૂપાલા, મનસુખ માંડવિયા, ભરતસિંહ પરમાર અને બાલકૃષ્ણ શુક્લા તેમજ રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણી ગુજરાત વિધાનસભામાંથી મતદાન કરશે, જ્યારે ગુજરાતના સરખેજ મત વિસ્તારના ધારાસભ્ય અને હાલ દિલ્હી સ્થિત અમિત શાહ લોકસભામાંથી મતદાન કરશે.

ગુજરાત સ્થિત પાંચ સાંસદો અને એક ધારાસભ્યની અરજીને ચૂંટણી પંચે મંજૂરી આપી દીધી છે. અમિત શાહ આમ પણ ગુજરાતમાં આવી શકે તેમ નહીં હોવાથી તેમણે લોકસભામાં મતદાન કરવાની મંજૂરી માગી હતી.

## આવતીકાલે ગાંધીનગર ખાતે ભાજપ વિધાનસભા પક્ષની બેઠક

### કોંગ્રેસની આક્રમકતા સામે ભાજપનો વ્યૂહ : ગુજરાત વિધાનસભા માટેનું ચામાસુ સત્ર ૧૯મી જુલાઈએ એક દિવસ માટે મળે તે પહેલા વ્યૂહરચના પર ચર્ચા થશે

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર એક દિવસ માટે તા. ૧૯મી જુલાઈને ગુરૂવારે મળી રહ્યું છે. તેમજ રાષ્ટ્રપતિપદની ચૂંટણી પણ તા. ૧૯મી જુલાઈના રોજ હોવાથી ભાજપ વિધાનસભા પક્ષ (બીએલપી)ની બેઠક તા. ૧૮મી જુલાઈને બુધવારના રોજ બોલાવવામાં આવી છે. આ ઉપરાંત તા. ૧૯મી જુલાઈએ સવારે પણ બીએલપીની બેઠક મળશે. જેમાં રાષ્ટ્રપતિની ચૂંટણીના સંદર્ભમાં ચર્ચા કરવામાં આવશે તેમ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપ વિધાનસભા પક્ષ (બીએલપી)ની બેઠક તા. ૧૮મીને બુધવારના રોજ બપોરે ૪ વાગ્યા બાદ ગાંધીનગર ખાતે મળશે. આ બેઠકમાં એક દિવસ માટે મળી રહેલા ચોમાસુ સત્ર માટે સરકારની રણનીતિ નક્કી કરવામાં આવશે. તા. ૧૯મી જુલાઈને ગુરૂવારે માત્ર એક દિવસ માટે વિધાનસભાનું ગૃહ મળી રહ્યું હોવાથી તારાંકિત પ્રશ્નોત્તરી રાખવામાં આવી નથી. પરંતુ વિપક્ષ કોંગ્રેસ દ્વારા વિવિધ મુદ્દા ઉઠાવીને આક્રમક વલણ અપનાવવામાં આવે તો તેને ખાળવા માટે વ્યૂહરચના ઘડી કાઢવા બીએલપીની બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. ભાજપ વિધાનસભા પક્ષની તા. ૧૮મીની બેઠક બાદ તા. ૧૯મીને ગુરુવારે સવારે બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠકમાં રાષ્ટ્રપતિની ચૂંટણીના સંદર્ભમાં ચર્ચા કરાશે. તેમજ ભાજપમાંથી ક્રોસ વોટિંગ ન થાય તેની તકેદારી રાખવાની પણ સૂચના આપવામાં આવશે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં કોઈપણ પક્ષ વ્હીપ જાહેર કરી શકતો નથી. એટલે ધારાસભ્યો ગમે તેને મત આપી શકે છે. ભાજપને ક્રોસ વોટિંગનો ભય છે એટલે રાષ્ટ્રપતિની ચૂંટણીના મતદાન પહેલા જ ભાજપના તમામ ધારાસભ્યોને મતદાનની સમજણ અપાશે તેમ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.




ટચુકડી જાહેર ખબર
દર
ગુરુવારે-રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧